અપીલઅરજી નં.૬૦ તા.ર–૫ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી શ્યામપ્રસાદ વિજયરાજ જૈન
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી
(ઉધના ઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી શ્યામપ્રસાદ વિજયરાજ જૈનની તા.ર–૪–૧૧ની અરજીથી મુદ્દા નં.૧ મનીષ પંખા ની પાછળ દુકાન નં.૧ જેને આપેલ છે તેની કઈ દુકાન ડીમોલેશન થઈ છે. મુદ્દા નં.ર તેમને જે દુકાન ફાળવવામાં આવી હતી તે કયા દસ્તાવેજોને આધારે ફાળવેલ છે તેની નકલ. મુદ્દ નં.(૩) સુરેશ મોહન પાટીલની કોઈ દુકાન ડીમોલીશન નથી થઈ તો શું સુમન તેની જગ્યા પાછી લેશે. વિ. મુદ્દા નં.૧ થી ૩ ની માહિતિ આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની અપીલ તા.ર–૫–૧૧ ની **SMC/FAP/** નં.૬૦/૨૦૧૧–૧૨

શ્રી શ્યામપ્રસાદ વિજયરાજ જૈનની તા.ર–૪–૧૧ની અરજીથી મુદ્દા નં.૧ મનીષ પંખા ની પાછળ દુકાન નં.૧ જેને આપેલ છે તેની કઈ દુકાન ડીમોલેશન થઈ છે. મુદ્દા નં.ર તેમને જે દુકાન ફાળવવામાં આવી હતી તે કયા દસ્તાવેજોને આધારે ફાળવેલ છે તેની નકલ. મુદ્દ નં.(૩) સુરેશમોહન પાટીલની કોઈ દુકાન ડીમોલીશન નથી થઈ તો શું સુમન તેની જગ્યા પાછી લેશે. વિ. મુદ્દા નં.૧ થી ૩ ની માહિતિ આપવા બાબતે નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૪–૫–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા સાથે અરજીના મુદ્દા પૈકી કોઈ બાબતે તબદીલી થયેલ હોય તો પૂર્તતા માટે પત્રની નકલ પણ સદર જાહેર માહિતી અધિકારીને અત્રેની જાણ હેઠળ મોકલવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૦૦ તા.૧૨–૫–૧૧ થી એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તથા અરજદારને અપીલ અરજીમાં મુળ અરજીથી માંગેલ, મળેલ માહિતિ, ફી ભર્યાની વિગત તથા નારાજગીની વિગતો જણાવેલ ન હોઈ તે સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી કે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો મળેલ નથી. તેમજ બંને પક્ષકારો તરફથી મુળ અરજીની નકલ પણ રજૂ કરેલ નથી. જેથી અરજદારે અપીલમાં જણાવેલ અરજી અંગેની વિગતો ધ્યાને લઈ અપીલની કાર્યવાહી કરવામાં આવેલ છે.

અરજદારની આઈ ડી નં.૫૨૨ તા.ર–૪–૧૧ ની અરજીથી ઉધનાઝોન ખાતેની માહિતી માંગતી અરજી કરવામાં આવેલ અરજદારે જણાવેલ છે તેમજ સદર અરજી બાબતે તા.૧૧–૪–૧૧ ના રોજ સ્પષ્ટીકરણ કરવામાં આવેલ હોવાનું પણ જણાવેલ છે. તેમ છતાં જાહેર માહિતી અધિકારી તરફથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ મુદ્દા નં.૧ થી ૩ ની વિગતેની માહિતી નહીં મળ્યા હોવાનું જણાવી તા.ર–૫–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ વિગતો મળેલ નથી તેમજ અરજદારને સદર વિગતો અંગેની માહિતી પૂરી પડાયેલ જણાતી નથી તેમજ આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કારણ પણ જણાવેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.ર–૦૪–૨૦૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પુરી પડાયેલ ન હોય. દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ ૭ – (૬) હેઠળ વિના મુલ્યે અત્રેની જાણ હેઠળ દિન – ૭ માં અરજદારને પુરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) ને જણાવવામાં આવે છે.

(જે. એમ.પટેલ)
ડે.કમિશ્નર (પીએન્ડડી)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૦૬–૨૦૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)...જાણ તથા અમલ માટે .
(૨) શ્રી શ્યામપ્રસાદ વિજયરાજ જૈન